# ટમટમતા દીવાઓથી આલોકિત અજાણ્યું વિશ્વ

મનોહર ત્રિવેદી

**પાર્વતીપ્રિય** પુત્રાય ગણેશાય નમોનમ :

દીકરા-દીકરી મારાં હોય કે બીજાનાં, કંકોતરીનું આલેખન કરું ત્યારે આ વંદન-વાક્ય, કોણ જાણે કેમ, મારે હોઠે આવીને બેસી જાય છે. કોઈ પણ સ્થળે બોલવાનું હોય કે કશું પણ લખવાનું હોય, આ અનુભવ સાતત્યપૂર્ણ રહે છે. અત્યારે લખું છું ત્યારેય એમ થયું ને તરત કવીશ્વર દલપતરામની પંક્તિઓ...

*જેનું કારજ જે કરે, બીજો કરે બગાડ*
*તાળું ઉઘાડી નવ શકે, કટકા કરે કુહાડ*

અમસ્થો જ આ દૂહો ન સાંભર્યો હોય. નિબંધલેખન માટે આવો ભાવ મારામાં અડિંગો જમાવીને બેઠો હોવો જોઈએ. થાય કે, હું કવિતાઓ તો લખું છું, પણ ગોદડીમાં ટાંકાટેભા લઈ સાચવેલાં ડોસીમાનાં મોતી ગમે ત્યારે ખપમાં આવ્યા વગર સંજવારીમાં ઓછાં ચાલ્યાં જાય? પ્રકૃતિને પોતાની ગોદમાં સીમ-વગડા, નદીતળાવ ને વાડીખેતરની ભૂમિએ જાળવી જાણ્યાં છે ને એ બધાંને મેં મારી કવિતાને પાથરણે હોંશભેર આવકાર્યાં છે. પશુપંખીને તેમ વૃક્ષવેલીઓ માટે ઝાંપલી ખુલ્લી રાખી છે. મનુષ્ય- ચેતનાને એની સ્થૂળ-સૂક્ષ્મ હલચલને, બોલચાલની બારીકીઓને, વિશિષ્ટતાભર્યા હાસ-પરિહાસને, સુખદુઃખ અને કારુણ્યને, જાતજાતની ને ભાતભાતની ઘટનાઓને મેં ઝીલ્યાં છે; એ સૌ પાત્રો રસાઈ-રસાઈને આકૃતિમાં ઢળે ને ચડે એમાં કલ્પનાનો આછોતરો ઢોળ, પામે ભાષાગત માવજત, ભભરાવું

થોડીઝાઝી સર્જકતા, તેવે વખતે શબ્દને વારતાનો દેહ અને આત્મા મળે છે. કિશોરવયનાં મારાં મુગ્ધ અનુભવો અને અનુભૂતિઓએ મને બાલગીતો ને કિશોરકથા તરફ વાળ્યો છે. કર્તવ્યભાવે કરીને આસ્વાદ ને સમીક્ષાઓના અઘરે કેડે ચડી જોયું છે; ખાડા-ખૈયામાં અટવાતો- ગૂંચવાતો લેખણને ટેકેટેકે ચાલીચાલીને હાંફ્યો છું. ‘નથી’ નામે લઘુનવલમાં મિત્ર જનક સાથે મોજભરી લટાર મારી લીધી છે. જુવાનીના પ્રાગડવાસ્યે વિદ્યાર્થીઓના સહયોગમાં નાટકો કર્યાં-કરાવ્યાં. દાંડિયારાસ-ગરબીમાં ઘૂમરીએ ચડી લીધું છે. ગ્રામજનોને એમાં જોડ્યાં છે. ઓતપ્રોત થવાનું આવું હાથવગું સાધન શક્તિમતિનિષ્ઠા થકી અજમાવી જોયું છે. સાથીસાહેબોની મનની ભીંતોમાં બાકોરાં પાડવાં તે ધારીએ એટલું ક્યાં સરળ હોય છે? પાડ્યાં છે ને માલીપાથી ખેંચી આણીને રસના વાટકા સામે ધર્યા છે, પછી મોજથી ઘૂંટ ભરતાંયે જોયા છે. હું લખતો એમ છોકરાંઓને વારતા-કવિતાની પાદપૂર્તિનાં હિસ્સેદાર બનાવ્યાં છે. એમાં આયાસ-અનાયાસની જે ભાત્ય પાડી છે તે પણ ક્યાં ઓછી ઉપલબ્ધિ છે?

આવું આવું થાય. ભૂંસાય. વિસરાય. એ જ ગબી ને એ જ મોઈ કાયમ થોડાં રહે? છૂટતું રહે આપમેળે. બદલાવ આવે- ઓસરે, સ્વયંને સરત ન રહે તે રીતે. એની તો મજા છે. ભૂગોળે શીખવેલી દસ દિશા ભલે, હશે. મન પાસે ગણી ગણાય નહીં એટલી, આંખ માંડો ને વણદેખી દિશાઓ ખૂલે. પાતાળપ્રવેશ કરાવી, રહસ્યોનાં તોતિંગ દરવાજા ઉઘાડી આપે, તો સામે ભળાય ટમટમતા દીવાથી આલોકિત અજાણ્યું વિશ્વ!

એ દિશા અર્થાત્, નિબંધ, બહુ ઝાઝો રસ નહોતો પડ્યો. ભણતો ત્યારે પણ નહીં. પરીક્ષા અને અભ્યાસક્રમનો ભાગ હોય તે, શિક્ષક બતાડે એવું લખતા. કેવા લખ્યા એ તો યાદ નથી. શિક્ષકો રાજી થતા એ યાદ છે. ભણાવવાનું આવ્યું ત્યારે ગાઇડથી ટેવાયેલા વિદ્યાર્થીઓને જુદો જ અનુભવ થયો. ઊફરા

ચાલીને તેમની ધારણા બહારના નિબંધ લખવા હું આપતો. બૉર્ડ પર મુદ્દાઓ લખતો, તેની ચર્ચા કરતો ને લેખનની કૂંચી તેમના હાથમાં સોંપી દેતો. થોડાં અકળાતાં, થોડાં મૂંઝાતાં, તો કોઈ કોઈ હરખાતાયે ખરા. ઈમાનદાર આળસુઓ વગર સમજ્યે હોશિયાર છોકરા- છોકરીઓનાં પગલામાં પગલું પરોવી નિરાંત અનુભવતા. નકલ કરવા પૂરતા તેઓને સ્વાશ્રયી ને ઉદ્યમી ગણવાં જોઈએ. ઓછું પણ આહ્લાદક પરિણામ મળતું. હું માત્ર ભણાવતો નહોતો, ભણતોયે હતો. વિદ્યાર્થીઓએ મને અભ્યાસરત રાખ્યો છે. તેમણે જ મને પૃથ્વી ને એવા છંદ તરફ વાળ્યો છે. હું શીખ્યો છું. નિબંધ સાથે ભાવભર્યો નાતો જોડી આપનાર તે પણ વર્ગનાં મારાં બાળકો જ.

નિબંધના વિષયમાં, પ્રારંભે છોકરાંઓના અનુભવજગત સાથે અનુસંધાન હોય તો એમાં તેમની નિજી મુદ્રા ઊપસે. ફાટેલા પુસ્તકની કે જોડાની, તૂટેલી ખુરશીની આત્મકથા, ચાંદની રાતે નૌકાવિહાર, હું જો વડાપ્રધાન હોઉં તો, શરદની એક સુંદર સાંજ વગેરે વિષયો અપાય, એમાં કશું ખોટું ભલે ન હોય, પરંતુ ગાઇડના તૈયાર ભાણે તૂટી પડવાનું. ગુરુ મહારાજ સીધી લીટીના માણસ, અમેય લખ્યું, અમારા ગુરુવર્યે લખીને ઉપાધિઓનાં છોગાં ગાઇડોની શુભાશિષથી મેળવેલાં, તે તમેય લખો! પરંપરાની પૂજા કરતાં રહો. આમાં વિદ્યાર્થીએ ભાગ્યે જ ઉતારા સિવાય, કંઈ કરવાનું. બાળકની કલ્પનાશક્તિને અહીં મોકળાશ જ નહીં. ગાઇડમાં આંટાફેરા કરે પણ મેં આપેલાં મથાળાં ગોત્યાં નો જડે. મારું ફળિયું, મારા ઘરની બારીમાંથી, હું તો બસ ફરવા આવ્યો છું, આપણો ઘડીક સંગ ઇત્યાદિ વિષયો એમને ઘડીભર પજવે. મેં આપેલા મુદ્દા અને એની વિસ્તીર્ણ રજૂઆત રાહત પણ આપે. મને સાંભરે છે, આ રીતની- નાવીન્યની-દીક્ષા તો મને મોટાભાઈ-પ્રતાપભાઈ-એ આપેલી : મારા પ્રિય નેતા : એસએસસીની પરીક્ષામાં તેમને એ નિબંધ મળેલો. : એમણે લખ્યો : મારા પ્રિય

નેતા શ્રીકૃષ્ણ : મને વરસો પહેલાં કહેલી વાત, કદાચ તેમને યે યાદ નહીં હોય. તરુણવયે આ સાંભળીને હું વિસ્ફારિત! મેં મારા વર્ગમાં એક વિષય સૂચવેલો : મારું ઘર : એક ચતુરે સૂચન વહેતું કર્યું : સાહેબ, અમે યે લખીએ ને તમેયે લખી લાવો; અમે ને તમે ક્યાં નોખા પડીએ છીએ તે પણ સમજાશે : આ પડકાર હતો કે પરીક્ષા? નહીં. નર્યું કુતૂહલ હતું એમાં. મેં કહ્યું : ભલે, ઐસા હો : સંભવતઃ એ મારો પ્રથમ નિબંધ. પછી એને મેં પાછળથી શીર્ષક આપ્યું : બે ઘર વચ્ચે- વર્ગમાં વાંચ્યો. સૌ ખુશ. વાત તો આટલી જ હતી, ઘરના ફળિયામાં વાડોલિયું. એમાં ઉછેરેલાં ફળફૂલનાં ઝાડ, વિવિધ શાકભાજીના છોડ. તે પછી, પંખી લોકનો ઉલ્લેખ. તમેય વાંચો :

આ લીલીકુંજાર મહેફિલમાં ચંડુલ, દેવચકલી, દૈયડ ને કાળિયાકોશીની જુગલબંદી, નિરાંતની ક્ષણોમાં માણતો રહું છું. કૉરસમાં હોય કાબર-કીર-કબૂતર. વહેલી સવારે પં. કાક ભટનો ભૈરવી સૌથી અલગ. પોતીકી બંદીશ, પોતીકો મિજાજ. એમના કંઠના કામણથી જ હંમેશાં મારે ત્યાં અતિથિઓ ખેંચાઈ આવતા હશે?:

મારી બાજુમાં ભાઈના મિત્ર જગદીશભાઈએ તરત જમીન ખરીદીને પોતાનું મકાન બનાવવાનું શરૂ કરેલું. મેં ફરતી દીવાલ કરવાનો પ્રારંભ કરેલો પણ અમારાં બે ઘર વચ્ચે, પ્લીંથ સુધી ચણ્યા પછી એ દીવાલ નહીં બનાવવાનો નિર્ણય કર્યો. નિબંધના છેડે આવતાં આમ લખાયું :

એક નબળી પળે બન્નેનાં ફળિયાં વચ્ચે દીવાલ ઊભી કરવાનું આછોતરું સૂચન થયું. એ વખતે મારાં ગોરજ, સમીપ ને જગદીશભાઈની મિત્તલ એના જોડીદારો સાથે જાંબુડી નીચે રમતાં હતાં. શી ધીંગામસ્તી ને શી ધબાધબી! જાંબુડીની ડાળીઓ અને એ સૌ એકાકાર બની ગયાં હતાં. કૃતિ-પ્રકૃતિ તદ્રૂપ. એ વખતે અહીં અમે વ્યાવહારિક સભાનતાથી જાતને જોતરી રહ્યા હતા.

પેલાં શિશુઓનાં ખડખડાટ હાસ્ય સાથે અમે પણ ઉમળકાભેર હસી લીધું.

વ્યાવહારિકતા બટકી પડી. ચર્ચા આગળ ચાલી જ નહીં. એ પછી પણ નહીં.

મેં મનોમન અનુકૂળ અર્થ તારવી લીધો –

જડતા તોડે છે, ચેતના જોડે છે.

હજી પણ અમારાં બે ઘર વચ્ચે દીવાલ નથી :

*(૨૧/૩/૮૯ / મં. ઘરવખરી પૃ.૭૮)*

એ કારણે વિદ્યાર્થીઓને મારા ગુરુ કહું છું. એમાં ગરવાઈ છે, સંકોચ નથી. આવું સૂચન ન થયું હોત તો હું નિબંધમાં કદીયે પ્રવૃત્ત ન થયો હોત. એમ દસેક લઘુનિબંધ લખાયા. જનક ત્રિવેદી ઢસાનો એ વખતે સ્ટેશન માસ્તર. હંમેશ રાતે તડાકા મારીએ. એ નિબંધનો આલેખક જ નહીં, ઊંડી સૂઝ અને સમજ પણ ખરી. એણે વાંચ્યા. કહે : હું ધારું તો પણ આવું લાઘવ મારા માટે શક્ય નથી. તું લખ. મજો પડે છે... કસોટીમાં પાસ. લખાયા. લખાતા રહ્યા, નિબંધ. ‘ફૂલછાબ’ રવિવારીય મધુવન પૂર્તિમાં એકાદ વરસ, ‘ઘરવખરી’ નામે કૉલમ ચલાવી. ‘દર્શક’દાદા ઉપરછલ્લી નજર કરીને બાજુમાં મૂકી દેતા હશે. નિરાંતે વાંચે કારવે? ના જી. ઘેર આવ્યા ત્યારે ઊલટાના મારા લાછરા કાઢ્યાઃ ‘તારી કવિતા, હમણાંથી સામયિકોમાં નથી જોતો. આ છાપાને રવાડે ક્યાં ચડ્યો? (પોતે, ‘શીલ અને સમાજ’ જન્મભૂમિપત્રોમાં પાછા નિયમિત લખે!) કવિતા લખવામાં સાતત્ય જળવાવું જોઈએ.’: મારી આળસને યે આવા ટેકાની જરૂર હશે. મેં કહ્યું : ‘તો નહીં લખું. મને મજા પડે છે તે.’ : કશું બોલ્યા નહીં. ધૂણતા મસ્તકે સૂચવ્યું : ન લખવું.

કૉલમ બંધ થઈ. ફોન આવતા. અદ્‌ભુત પત્રો. જોશીકાકા

નામના એક વાચનરસિયા જણે લખેલું : 'રવિવારે સવારે ટીવી અને બીવી એક બાજુ, પ્રથમ તમારી 'ઘરવખરી' વાંચી લઉં પછી બીજાં કામ સૂઝે.' 'ફૂલછાબ'ના તત્કાલીન વિદ્વાનતંત્રી સદ્ગત હરસુખભાઈ સંઘાણી અમરેલીના એક કાર્યક્રમમાં મંચ પર મળી ગયા. એમણે ઊઘડો લીધો : 'મારે ને તારે એવા અંગત સંબંધ હોત તો હાથ પકડીને તને લખવા બેસાડી દેત. તને ખબર નથી, મેં મારા સાથીઓને કહી રાખ્યું છે, 'ઘરવખરી'નું કવર આવે કે તરત મારા ટેબલ પર મૂકી જવું... તારા વાચકને નિરાશ કરવાનો તને કોઈ અધિકાર નથી... એ ગુસ્સામાં મારા લેખનનો મહિમા હું જોઈ શકતો હતો. પણ પત્યું.

પણ પત્યું નહોતું. નિબંધે મારું કાંડું કચકાવીને પકડી રાખેલું. ભલે ઓછા પણ અદીકદી મને લખવા વિવશ કરે છે.

આપણા પ્રજ્ઞાવાન વિવેચક-સમીક્ષકો પુસ્તક વાંચ્યા વગર, ઓશરીમાં ઘોડા દોડાવી જાણે છે. પ્રસ્તાવના સુધ્ધાં પર પણ આંખ નહીં માંડવાની! આવો ચાલ જુગજૂનો છે. કઈ મેધા તેમની વહારે આવતી હશે? છે, કોઈ મધુસૂદન પારેખ જેવાયે છે, જે પક્ષપાત કે પૂર્વગ્રહથી પર રહી શકે છે. હવે આવાં સરનામાં કઈ વેબસાઇટ પર ઉપલબ્ધ છે? વળી આમ પણ બને છે, હમણાં એટલે કે તા.૧૯/ ૭/'૧૩ના દિવસે મહેન્દ્રસિંહ પરમારનો SMS છે :

'ભાઈ, અમથો અમથો 'ઘરવખરી' વાંચતો હતો. ભારી જલસો પડ્યો.'

એક જ વાક્ય વાંચીને રૂંવેરૂંવે ફૂલ ઊઘડે, તાજગીનાં. ધોખા અને અણગમાના ઓઘરાળા મટકું મારીએ એટલી વારમાં ધોવાઈ જાય. ગુજરાત સાહિત્ય અકાદમીનો પ્રથમ પુરસ્કાર જે પુસ્તકને મળ્યો હોય તેને માટે રડ્યાંખડ્યાં પાંચેક વાક્યમાં એકાદી સમીક્ષા મળે ત્યારે જેવેતેવે સમયે ચચરાટ પણ થયો હોય, આવા અનુભવે

અગાઉનો ચચરાટ તળિયાઝાટક થઈ રહે. અમે તો, 'મગ મગ જેવી મેડિયું' ને 'તલતલ જેવાં કમાડ', જે ગામમાં છે, ત્યાંના વસનાર છીએ. ઝાઝી આશા-એષણા અમને નો પાલવે. નાનકડો પ્રતિસાદ પણ સર્જકને કૃતસંકલ્પ રાખે છે. બપોરની ઊંઘ ખેંચતા હોઈએ ત્યારે જ કોઈનો હોંશીલો ફોન કે પત્ર આપણને અકળાવે, પ્રથમ પળે. પછી થાય, એણે તો જગાડવાનું પુણ્ય કર્યું છે. એમ જ ઉલ્લાસ જાગે, બીજો નિબંધસંગ્રહ તૈયાર કરવા માટે.

મન ચંચળ, પતંગિયા જેવું, એક ફૂલ પરથી બીજા ફૂલ પર ઠરે. સાહિત્યની અજાણી આ ભોં-માં જોખમ વહોરીને ડગ ભરતો રહ્યો છું. મણિધર નાગ પોતાનો મણિ રેઢો મેલીને ચારો ગોતવા નીકળ્યો હોય ને મને ફૂંફાડાને બદલે ઝળહળતો મણિ હાથ ચડ્યાનો અનુભવ થતો રહ્યો છે. પગ મૂકીએ ત્યારે તો ડર આપણે ખભ્ભે ચડીને બેઠો હોય ને ભેખડે ભરાવાનો થ્યો છ, એવા ડારા પણ કરતો હોય. એને ગાંઠ્યા વગર ચાલીએ તો એ જ ડર, કાંધેથી ઊતરીને આપણા પગમાં આળોટતો હોય. મતલબ કે બદલાવ મને ગમે છે. તાજોમાજો રાખે છે. પરિણામે કાવ્ય-વાર્તાદિ, દરમિયાનમાં, માલીપા કલવાતાં રહે છે.

આપસૂઝથી લખાય એમાં સર્જકતાને ભારે મોકળાશ રહે છે. ક્યારેક ચીંધાયેલું લખવાના સંજોગો મને શરમાવી-ભરમાવી જાય છે. એમ કહે કે તમે તમારી રીતે લખો, ત્યારે જામો પડે. ભદ્રાયુ વછરાજાણી અને મોતીભાઈ પટેલે એમ જ કહેલું. એટલે ગુરુદેવ મૂળશંકર મો. ભટ્ટ (ભાઈ, કેવળ ભાઈ) જેવો, મને એમ વાચકને રીઝવી જાય એવો લેખ લખાયો. બેન કાલિન્દી પરીખ 'મારી બેન, મારો ભાઈ'નું સંપાદન કરતાં'તાં. ઉઘાડું આભ મને આપ્યું, ને લખાયો ચરિત્ર-નિબંધ, 'સુબ્બા : મારી વચેટ બહેન.' 'પરબ'માં એ છપાયો ત્યારે કેટકેટલા પ્રતિભાવે મને ન્યાલ કર્યો છે. લાભશંકર પુરોહિતથી માંડી કૉલેજને દરવાજે ઊભેલા છોકરડા! જયન્ત મેઘાણીને કોળ્ય ચડી તે પત્ર લખ્યો : તમે ધાર્યું હોત તો

કલ્પનાઓ ઉમેરી એક સરસ વાર્તા લખી શક્યા હોત પરંતુ તેવો લોભ જતો કરીને બહેનનું સહજ ચિત્ર તમે આલેખ્યું. વાંચીને આંખો ભીની થઈ ગઈ : ના. પૂરા શબ્દો યાદ નથી, ભાવ આ પ્રકારનો હતો. સામે છેડે, કોઈ કોઈ લોંઠકા એવાયે મળ્યા ને જેમણે વારંવાર સુધારા ને વધારા સૂચવ્યા. જાયુંભાયુંને નાતે ખમી ખાધું છે. કશું કળાવા ન દઉં, ભલે છાતીમાં ઉઝરડા પડ્યા હોય!

'ફૂલછાબ'માં લખતો ત્યારે મહદંશે નિકટનાં સગાંસહોદર-યાર રિશ્તેદારનો સહજ પ્રવેશ થતો. એમનું કોઈ માનવીય પાસું મને ઝંકઝોરી ગયું હોય, જે વિશે લખવા મને વિવશ કર્યો હોય. લખીને હળવો થતો. ત્યાં તો ભાર વધે એવું થયું. કેટલાક સમાજધૂરીણો, પપૂધધૂઓ, લેખક ને રંગકર્મીઓ, શિક્ષણશાસ્ત્રીઓ પરબીડિયાં રૂપે મારા ઘરે ટપાલી દ્વારા માંડ્યા આવવા! પોતાનાં જનમ-ઉછેરથી માંડી, પોતે કરેલાં સુકૃત્યોની રંગભરી દાસ્તાં, વગર માગ્યે 'ઘરવખરી'માં લખવાના આગ્રહો સાથે મોકલવા માંડ્યા. નમ્રતા અળપાય નહીં એ રીતે જવાબ વાળું. મારા માટે એ રીતે લખવું શક્ય બન્યું નથી.

આપણે ત્યાં એવા સર્જકો ઓછા નથી જેમનું પ્રથમ આલેખન જ છેવટનું બની રહે. મુનશીજી, ગુણવંતરાય આચાર્ય, ધૂમકેતુ, દર્શક, ચન્દ્રકાન્ત બક્ષી, દિલીપ રાણપુરા વિશે આવું સાંભળ્યું છે. ગઈ કાલના શું કે આજના શું, પત્રકારોએ એમ જ કરવું પડતું હશે. મહાદેવભાઈ દોડતી કલમે છતાં મોતીના દાણા જેવા અક્ષરે બાપુનાં વ્યાખ્યાનો લખ્યે જાય. બાપુએ ભાગ્યે જ સુધારા સૂચવવા પડે. એવાં સર્જકોના પગમાં ૧। રૂપિયો, શ્રીફળ ને સાકરનો પડો ધરીને આશીર્વાદ માગવાનું મન થાય. બબ્બે-તત્તણવાર પિંજણ કર્યા પછીયે આ આખરી લખાણ છે, એવા નિષ્કર્ષ પર આવવામાં મને ભારે મૂંઝારો થાય છે. બેત્રણ પરિચ્છેદ માંડ લખાયા હોય ને હું ફરી વાંચું તો બાજુના હાંસિયામાં હંસપદ મૂકીને ઉમેરો કરું. આગળ લખેલું ભૂંસું, છેકું અથવા નોંધ કરું કે આ પંક્તિઓ ફલાણા

પરિચ્છેદમાં મૂકવી. હાંસિયો હાંફી હાંફીને બેવડ વળી જાય. ત્રણ ત્રણ વારનાં લખાણ પરસેવો પડાવે પણ છેવટે સંતોષ અનુભવાય.

એવું સાફસૂથરું લખાયું હોય કે ‘સુજોસાફો’ની બેઠકમાં સુમન (શાહ) મારા કાગળ હાથમાંથી ખેંચીને, મિત્રોને કહેશે : ‘આવા અક્ષરને કમ્પ્યૂટરની શી ગરજ હોય?’ અક્ષરનેય પોતાની મહેક છે. ભાવાર્થ એટલો જ કે, વિચારો ક્રમશઃ ગોઠવાઈને, શિસ્તબદ્ધ સૈનિક પેઠે કતારમાં મારા કાગળ પર કવાયત નથી કરતા. ક્યાંક અટવાઈએ, ગૂંચવાઈએ, એને ઉબેળીએ ને કીટકસ્તર કાઢીએ તો બધું રૂડું રૂડું લાગે. બાવા-જાળાં ખંખેર્યા પછી જ ઘર રહેવા જોગું થાય. એમ કરતાં તૃપ્તિનું એકાદું ટીપું ચાખવા મળે. થાય : ચાલ જીવ, પરસેવો કઠેકાણે નથી પાડ્યો, પરિશ્રમ એળે નથી ગયો. ગૃહલક્ષ્મી એંઠાં વાસણોને રાખથી ઊટકે ત્યારે તો મેલાં જોવા મળે, વીંછળે ત્યારે કેવાં ઊજળાં સબાણ થઈ જાય. મારું આમ કહેવું થાય છે.

રાત્રિનો ત્રીજો પોર પસાર થતો હોય ત્યારે પણ મારું નવાં આવેલાં સામયિકોનું કે પુસ્તકોનું વાચન ચાલતું રહે છે. આંખ નિમાણી થઈને ના છૂટકે મને અનુસરે છે. શું કરિયેં, હેવાં પડી ગ્યાં છે! તેમ છતાં, એયે સાચું છે કે દુનિયાભરનું સાહિત્ય ઉપરતળે કરવાની હામ મારામાં નથી. જનની ભાષાનું તથા એના દ્વારા થતી અભિવ્યક્તિ એ મારી આસપાસ જીવતાં જનપદની દેણ છે. વાંચને મારા સાતે કોઠામાં દીવા કર્યા છે તેમાં પણ એટલી જ સચ્ચાઈ છે. મરાઠી, બંગાળી, હિન્દી-ઉર્દૂ જેવી ભગિની ભાષાઓએ મને ધન્ય કર્યો છે. નિબંધના ગુજરાતી પૂર્વસૂરિઓ-નર્મદ, નવલરામ, કાકાસાહેબ, સુરેશ જોષી, ભોળાભાઈ જેવા સમર્થ સર્જકો મારે માથે શીળો છાંયડો ધરે છે. વિનોબા, દાદા ધર્માધિકારીના વિદ્વત્તાભર્યા તર્ક ને ગાંધીની સરળતા મારામાં રેડાતાં રહ્યાં છે. આપણી વાણીના અપૂર્વ સાધક સ્વામીદાદા (સ્વામી આનંદ)નો ગુસ્સામિશ્રિત કરકરો એટલો જ આસ્વાદ્ય સ્વર મને ખેંચતો રહે

છે. લોકભારતીના અભ્યાસકાળે એમનું થોડુંઘણું સાન્નિધ્ય પામ્યો છું, તેથી જ તર્જની ચીંધીને ક્યાં અટકવું એનું ગિનાન આપવાનું ચૂકતા નથી. મારી અવળચંડાઈ દરેક વખતે એમના રુદિયાને પ્રસન્ન કરતી હશે કે કેમ, એ વાતે હું સદા-સર્વદા સાશંક હોઉં છું.

સંસારની હાય બળતરાનો ઉંબર ઓળંગી શકું છું ત્યારે કલમ ચરિત્ર-નિબંધો તરફ વળે છે. 'સુબ્બા : મારી વચેટ બહેન', 'ભાઈ, -કેવળભાઈ', 'એક પગ ગુમાવ્યા પછીની ઘટના' કે સદ્‌ગત કવિમિત્ર કનુ અંધારિયા વિશેનો લેખ, 'આજ ફરી મારો ઓરડો ખોલે' જેવા નિબંધો સ્વજનો - મિત્રો વચ્ચે વંચાયા છે ને સૌ આંસુસમેત એમાં ભીંજાયા છે. 'હી.કા. ત્રિવેદીનું સરનામું' અથવા 'વંકી ધરા, વંકું વહેણ : વચ્ચે નાનાભાઈ હ. જેબલિયા' કે 'બોરીસાગર, હું અને બીજા' – જેવા નિબંધોએ ક્યાંક આછું સ્મિત તો ક્યાંક ખડખડાટ હાસ્યના ધોધવા પણ વહાવ્યા છે. કોઈકે મારા નિબંધોને પોતાની વેબસાઇટ પર મૂક્યા છે. તો કોઈ પ્રતાપ પંડ્યા કે શિશુવિહાર જેવી સંસ્થાએ 'ભાઈ, કેવળ ભાઈ'ની સેંકડો નકલો છપાવીને 'ગમતાંનો ગુલાલ' કર્યા છે.

સામાન્ય રીતે, જે વ્યક્તિ વિશે મેં લખ્યું હોય તેમને કે તેમના વારસને લખ્યા પછી હું લેખ વંચાવું. વંચાવ્યા પછીયે, વીજળી ત્રાટકવાની ઘટના બની છે. થોડી હળવાશ અને કરુણનો પુટ પામેલો એક નિબંધ મેં કરેલો. એક મિત્રના દીકરાને કોઈકે એવું ઠસાવ્યું કે મેં એમાં ઠેકડી ઉડાડી છે ને એના ચરિત્રને હાનિ પહોંચાડી છે. કોર્ટકેસની ધમકી મળી. કશું થયું નહીં, પેલા ઉશ્કેરનારે હસીને એને વાળ્યો, 'મૂરખ, આમાં તો તારા પૈસાનું પાણી થશે. આમાં ક્યાંય ઘસાતું લખ્યું નથી. ભલા માણસ, હું તો મજાક કરતો હતો.' - કહીને વાત રોળીટોળી નાખી, પરંતુ એક સરસ, મનગમતા લેખને મારે સંગ્રહથી વંચિત રાખવો પડ્યો.

લખવા બેસું છું ત્યારે નિદ્રા પાછી ઠેલાતી જાય છે. રાત્રિ પસાર થતી રહે છે. હું હોઉં છું, કાગળ-કલમ ને ટેબલ હોય છે. હોય છે

અંદર-બહારનો અજવાસ, સુખદુઃખ લુપ્ત થાય છે. લખીને ઊભો થાઉં છું ને હું તૃપ્ત હોઉં એવું ઊંડે ઊંડેથી કોઈ કહી રહ્યું છે. પુનઃ વાંચું ત્યારે હોઉં પાછો અસમંજસમાં...

*ઋણસ્વીકાર : કવિ શ્રી હર્ષદ ત્રિવેદી.*

*નિબંધ અને હું : 'શબ્દસૃષ્ટિ' દીપોત્સવી અંક (૨૦૧૩) માટે લખાયું.*

# વાર્તાકાર દેવહૂમા છે?
# હશે, છે, હોવો જોઈએ.

મનોહર ત્રિવેદી

**બાળપણમાં** નવરાત્રિ વેળાએ પ્રતીક્ષાતુર અમે, કાકક્ષુમાં ફેરવાઈ જતાં. ભવાની અને ભવાઈ, ગરબી અને ગરબા, ચોરો અને ચૉક, આરતી અને પેટ્રોમેક્સ બત્તીનો અજવાસ - બધું, બધ્ધું અલૌકિક લાગતું ને ગામ આખું મા-ની માંડવી સામે આલોકિત થઈ જતું. વાળુ પહેલાં અમારી ખાટલીઓ કે કોથળાનાં આસન અમારી દોતેલી જગ્યાની રખેવાળી કરતાં. કોઈ એને આઘાપાછા ન કરે, એમાં ન દોંગાઈ કોઈની, ન ડાંખરાઈ. પર્વનું પાવન વાતાવરણ એના કારણમાં હશે. ગામડાગામની એ સચ્ચાઈ છે, સારપ છે. 'અભિમન્યુનો ચકરાવો', 'જેસલ-તોરલ', 'વીર માંગડાવાળો', 'રાણકદેવી રાખેંગાર'... ઓહોહો, કેટકેટલા ખેલ, નાયિકા દ્વારા ગવાતાં ગીતમાં આવતા એક પછી એક 'કટ' મધરાતને પાછળ છોડી દેતાં. મંડાણ ગણપતિથી થાય. વાવડી ખોદે ભરમો રામ રામજી રે, ચંગા મંગા ભોળિયા દેવના પૂજારી આવ્યા – હસાવી હસાવીને બેવડ વાળી દે. ઝંડા-ઝૂલણ આવે. ખેલની જાહેરાત થાય. પરભુ, તારાં પાંચીકડાં ગાંઈ, પરભુજીના ટાંટિયે લબડ્યા જાંઈ... પાંચીકડામાં ગામ આગેવાનોની નબળી રગ દબાવાય. ક્યાંય વાંધાવચકા નહીં.

કાળનદીના સામે કાંઠે આવાં દશ્યો રહી ગયાં છે, સ્મરણો આ બાજુના કાંઠે. આંખમાં ઝાંખપ આવે, પસાર થઈ ગયેલાં દશ્યોના રંગ આછા ન થાય. સપનાં અને સ્મરણોની એ તો ખૂબી છે. એમને આંખવગાં રહેવાની જીદ હોય છે. સાચાં સંગીસાથી એ જ!

કારણ છે આટલી ભૂમિકાનું.

સઈ દસકત પોતે

ભવાઈમાં એક ફારસ આવતું. સિપાઈ-ચોરના સંવાદો મૉજ કરાવતા :

– નામ?

– લખો...

– નામ બોલ, ડોબા!

– કીધું તો ખરું, સાબ્ય, લખો...

જમાદાર લખવાનો અભિનય કરે.

– બાપનું નામ?

– માંડો

– શું માંડો? સીધું બોલ, તારા બાપનું નામ...

– કીધું તો ખરું માવતર, તમારો બાપ, માંડો, બાપનું નામ..

ડંડો પછાડીને, લખાય.

– સાખે?

– ભૂંસો...

– ભૂંસો?

– હા સાબ્ય, ભૂંસો... સાખે ભૂંસો!

હું આને એક નરવું ફારસ ગણું છું. એટલું જ એ મારી સર્જનપ્રક્રિયાનું ગરવું પાસું પણ છે. લખો, માંડો, ભૂંસોમાંથી જમાદાર એક આદમીની ઓળખ મેળવે છે, તો આ જ લખો, માંડો, ભૂંસો મારા લેખનની, વાર્તાની સુરેખ છબી મને મેળવી આપે છે. ઓઘરાળા દૂર થતાં વાર્તાની મોં-કળા મને લુબ્ધ કરે છે. બે-ત્રણ વારનાં લેખન પછી થાકને બદલે હું સ્ફુર્તિ અનુભવું છું. મારામાં પલાંઠી ઠાંસીને બેઠેલો આળસુનો પીર વિસ્મિત આંખે મને નિરખતો રહે છે.

કહેવાય છે કે આપણા સમર્થ પૂર્વસૂરિઓનું પ્રથમ લેખન જ છેવટનું બની રહેતું. મારા સમકાલીનોમાંથી યે એનાં દૃષ્ટાંતો મળી આવવાનાં. મને એનું ભારે કુતૂહલ છે. ઉત્તર શોધવા કોશિશ કરી તો પરખાયું કે એવા લેખકોના ચિત્તમાં તો પોતાની રચના કેટલીયે વાર લખાતી, મંડાતી કે ભૂંસાતી હશે. કાગળ પર, ભીતરની અનેક આવૃત્તિ પછી, રમ્ય આકૃતિ ઊતરતી હશે. શિલ્પીએ એમ ન કર્યું હોત તો કેટલાયે પાષાણના નવા પર્વત એની સામે ઊભા થતા હોત! એનાં મનોચક્ષુએ જે કંડાર્યું તેને ઝાઝું આઘુંપાછું કરવાપણું તેને રહેતું નથી. જે થોડુંઘણું કરવાનું છે તે છીણી-ટાંકણું-હથોડી આંગળીનાં ટેરવાં સાથે સાયુજ્ય રચીને કરી લેતાં હશે. ટેરવાંની હજારહજાર આંખ એમ તો એકે ઓજારને મટકું મારવાની પણ છૂટ ન આપે.

થોડોક ફેર છે શિલ્પી-ચિત્રકાર તથા લેખક વચ્ચે. છેકીને, હંસપદ કરીને, હાંસિયામાં ઉમેરીને અપાર શક્યતાઓને ઉપર-તળે કરી શકું છું. અછોઅછો વાનાં કરું. મથું. મુઝાઉં. અધૂરુંપધૂરું છોડી દઉં. રસ પડે તો રાતની નિદ્રાને જાગરણથી દીક્ષિત કરું. છાલ ન છોડું. અંદરથી ધક્કો આવતા બદલાવ તરફ વળું. એક જ વાર્તા – નિબંધ નવતા ધારણ કરવા મને પ્રેરે. તેમ છતાં પેલો સંતોષ મન-મોં ન દે તો હારીથાકીને એનું વિ-સર્જન કરતા ન અચકાઉં. એમાં શ્રદ્ધા છે, ક્યારેક એ વિ-સર્જનમાં ફેરવાશે. આટલું કહ્યા પછી, એક બાબત મારી જાણબહાર નથી કે ભાવકપક્ષે પણ મારી વાર્તા ખરી જ ઊતરશે, એમ કહી શકું નહીં. એવી આત્મરતિમાં મેં મને બદ્ધ નથી કરી દીધો. મારી પ્રતિભાક્ષમતાનું દાયિત્વ હું સમજું-સ્વીકારું છું.

કવિતા હાલતાંચાલતાં, હરતાં-ફરતાં મને સ્ફુરી આવે છે. પંક્તિ ટાંકી લઉં છું. બેસું છું ને લખાઈ જાય છે. વાર્તા મને વધુ રહસ્યમયી, છલનામયી ને રૂઆબદાર લાગી છે. મન-મોં દે તેવી સરળ નથી. ભારે ગૂંચવે. એકાદ કળ બતાવીને શ્રદ્ધા

પણ બંધાવે. રમતિયાળ મુગ્ધા પેઠે હસે, હસાવે, ફસાવે, બહાર લાવે ને ગંભીરભાવે રૂ-બ-રૂ થાય! આ મજા છે. બાળકથી માંડીને બૂઢાઓમાં જે તલપ, એના માટે જોવા મળે છે, તે અમસ્તી તો શી રીતે હોય?

વાર્તા લખવા પ્રવૃત્ત થાઉં છું ત્યારે સંકેત પૂરતી કોઈ ઘટના એના કેન્દ્રમાં હોય છે. તે પછીના અસબાબ મારી સાથે જોડાતા જાય છે. પૂરક-પોષક પ્રસંગો- પાત્રો-સંવાદો-બોલી-પરિવેશ (સ્થળ - સમય સંયોગો ઇત્યાદિ) મારી કલમ સાથે કાગળને કેડે પગપાળા ચાલી નીકળે છે. કોઈ કોઈ અડચણ ઊભી કરે છે, અટકાવે છે, અકળાવે છે, કજિયો કંકાસ કરી પાછાં વળી જાય છે. વળી પાછું બીજું કોઈ ઉમેરાય છે. ન આરો, ન ઓવારો - એવું લાગે. 'મન-લોચનના આ ઝઘડા'ને તીરે ઊભું ઊભું કોઈ નિહાળી રહ્યું છે : તે છે સ્વનામધન્ય અન્તર્યામી! અંતે વાર્તા નવાવતાર પામે છે. બાહ્યાભ્યંતર કોલાહલ શમે છે. સવારે સૂર્યકિરણ ઝીલતા અરીસા તરફ આંખ ફેરવું છું. આછી આભાથી મારો ઓરડો દશ્યમાન થાય છે. જનપદનો આ સર્વ જડચેતન સમૂહ મારાં સગાં છે, વહાલાં છે.

સ્થૂળ દૃષ્ટિએ મારું અનુભવવિશ્વ સાવ સાંકડું છે, પણ હા, રાંકડું નથી. એ ગામડાંનાં જુદાં-જુદાં ઝૂમખાંમાં સમાયેલું છે. અનેકાનેક અભાવો વચ્ચે પણ પોતાના બે પગ પર ઊભેલું આ વિશ્વ અને તેની સાથેનું મારું જોડાણ, જન્મથી માંડી આજપર્યન્ત અતૂટ રહ્યું છે. ગાંધીવિચારધારાથી પરિપ્લાવિત કેળવણીની સંસ્થાઓએ, એમાં વસતા મહાન મનીષીઓએ, સીમ-વગડા ને ખેતર-વાડીઓએ મારી ભૂમિને ઓજસ્વિની બનાવી છે. એ સહુએ મને પોતાની હથેળીઓનું છજું આપ્યું છે. ઓળઘોળ છું. દેશવિદેશના ભ્રમણથી વંચિત રહ્યાનો ડંખ મને પજવતો નથી. આ જનમારે, તંતોતંત, મારી અડખેપડખેના ભૂ-ભાગને પૂરો ઉકેલી ન શક્યો હોઉં ત્યાં બીજે ક્યાં ટાંટિયાતોડ કરવા જાઉં? એ બધાને સમજવામાં, સેવવામાં, સાંભળવામાં, શીખવામાં ને એકરૂપ થવામાં

મારા પ્રત્યેક ધબકારાનું મેં રોકાણ કર્યું છે. પોતાની ખેડ્ય હોય, સાંતી હોય, લોંઠકા ધોરીની જોડ્ય હોય, ગાવડી હોય ને ચૂલે તાવડી હોય, ભલે ધીમી તો ધીમી, સરવાણીવાળું નવાણ જેના ધણી પાસે હોય તે કોઈનો ઓશિયાળો ભાગિયો થવા આથમણી દશ્યે શીદ મીટ માંડે? ખુલ્લાશથી કહું : મને મારી ભોંયનો નાનકડો ટુકડો બે પાંદડે રાખતો હોય તો પશ્ચિમના રવાડે શીદ ચડું? એમની ઊંચાઈ જોઈ અમારી આંખો ઠરે. જે મળ્યું છે તેની અવગણના કરવી મને ન પાલવે.

ડુંગરે-ડુંગરે અહીં રાવટીઓ જોવા મળે છે. એક રાવટીમાં જિવાતું, – અનેક દાધારંગાઈને ઓળંગી જતું જીવન ધબકે છે. એમાં બોલી, રીતિરવાજ, પહેરવેશ, વાર-તહેવાર-સંપ્રદાય જ્ઞાતિજાતિનું વૈવિધ્ય છે. ભિન્નતામાં અભિન્નતા એણે કાલવી જાણી છે. બીજી રાવટીમાં દુલા ભાયા કાગ, હેમુ ગઢવી, દિવાળીબહેન ભીલ, ઇબ્રાહિમભાઈ, કાનજી ભુટા બારોટથી માંડીને આજના કીર્તિદાન ને ઓસમાણ મીર વાણીને મઘમઘતી રાખી રહ્યા છે, ત્યાં, પણે, મેઘાણી - મડિયા - ધૂમકેતુ - જયન્ત ખત્રી પન્નાલાલ - પેટલીકર - પીતાંબરની ત્રિપુટી. ઝૂલણખુરસીનું રાવણુ જમાવીને બેઠા છે ને અમારા મોઢા પર રાજીપો લીંપી જાય છે. મોપાસા જેવા ‘ડિસ્ટંટ રેકી’ દ્વારા અદીકદી સ્ફૂર્તિનો સંચાર કરી જાય છે. આનાથી ઊજળાં ભાગ્ય બીજાં કયા સીમાડે મળવાનાં?

તરુણાઈના એ દિવસો હતા. રાતે બેસું ને ભળભાંખળે દાતણ લઉં તે પહેલાં વાર્તા પૂરી થઈ ગઈ હોય. પીતાંબર પટેલ ‘આરામ’ માટે વાર્તા મગાવે. થોડા ધક્કાની જ પ્રતીક્ષા હોય. બીજે દિવસે તો મોકલી પણ આપું. ગુરુ મોહન દાંડીકર સાવરકુંડલામાં સહઅધ્યાપક. મહિલા અધ્યાપન મંદિરમાં આવતાં સામયિકોમાં મોહનભાઈની અનૂદિત હિન્દી વાર્તા વાંચું. થાય : મારી પાસે મારું ગામ છે. એનાં પાત્રો છે. હું એ લખી શકું. સંપાદકોના પ્રતિસાદે લેખનમાં ઓટ નહોતી આવવા દીધી. પછી અમે

સાહિત્ય સમાનધર્મા મિત્રો છૂટા પડચા. ગતિ ધીમી પડી. - વાર્તાનું વળગણ સાવ છૂટ્યું નહોતું. લખાય વરસે એકાદ. એવામાં ગઈ સદીના છેલ્લા દાયકામાં, 'સુરેશ જોશી સાહિત્યવિચાર ફૉરમ' - (સુજોસાફો)એ નિમંત્રણ સાથે સ્થળપસંદગીનો ભાર મારે ખભે મૂક્યો. પુનઃ વાર્તા સળવળી 'સુજોસાફો'માં વંચાઈ, વખણાઈ. પછી તો સૌરાષ્ટ્રમાં એવાં સાતઆઠ સ્થળો સંસ્થાઓમાં - વાર્તાકાર મિત્રોને લઈ આવવાનું બન્યું. આવા રચનાત્મક ઉપક્રમે મારી વાર્તાને જીવંત રાખી છે. ચર્ચાઓએ મને ઋણી બનાવ્યો છે.

શાળા-મહાશાળામાં ભણાવાતા ઇતિહાસે મને હંમેશાં શંકિત રાખ્યો છે. આપણો સાચો ઇતિહાસ તો આપણાં મહાકાવ્યો, ઉપનિષદો, જાતકકથાઓ, કથાનકો, લોકકથા-દંતકથામાંથી મળવાનો. જે-તે યુગના સગડ એમાંથી જ ભળાશે. કથાઓમાં ભલે નિતાંત કલ્પનાઓ હોય પણ સમયબોધ એમાંથી જ મળે. ગિજુભાઈની બાલવાર્તાઓએ અને નાનાભાઈ ભટ્ટનાં રામાયણ-મહાભારત-ભાગવતનાં પાત્રોએ મારી ઇતિહાસ-સમજની બારી ખોલી આપી છે. કિશોરવયે જે ઘડતર થયું તેની ભૂમિકા હું ઓછી ન આંકું. ગણરાજ્યોની સમજ માટે દર્શકની આંગળી મેં પકડેલી તો ગ્રામસમાજની શૈલીને સમજવાની કળ મને મેઘાણી-મડિયા-પન્નાલાલ જેવા સમર્થ સર્જકોએ આપી છે. સામેના જીવંત સમાજનું વાર્તાંતરણ કરવાની ખૂબી સાચા સર્જકને વાંચ્યા વગર હાથ ન લાગે એટલો ખ્યાલ રહ્યો છે.

મેં લખેલી અનેક વાર્તાઓ મને ગમે છે. આ સંચયમાં પૃષ્ઠમર્યાદાને ધ્યાને લઈને મેં જે અહીં મૂકી છે એમાં 'પોઇન્ટ ઑફ વ્યૂ', સર્જક તરીકે મને કેવોક સફળ બનાવે છે, એ જોવામાં વાચકને, કદાચ, રસ પડશે.

નવાઈ લાગે છે મને, તે એ કે લખતાં પહેલાં મને વાર્તાનાં શીર્ષક મળ્યાં છે. 'પગલાં', 'ઉજાગરાઓ', 'નાગચૂડ', 'બાલકાંડ', 'શંકાકાંડ', 'પાઠડી' કે 'પાછું વળવું' જેવી વાર્તાઓ એનાં દૃષ્ટાંત

છે. એ શીર્ષકની આસપાસ મારું સર્જકચિત્ત ઘૂમે છે ને અણધાર્યા વળાંક પર વાર્તાને પહોંચાડે છે. વાર્તાને એકાધિક બાજુઓથી હું નીરખું છું ને એમાંથી જ ચમત્કારક કથનકેન્દ્ર મળી આવે છે. તો, શું વાર્તાકાર (કે સાહિત્યના કોઈ પણ પ્રકારમાં સર્જનરત) દેવહૂમા પંખી છે? હશે. છે. હોવો જોઈએ આપમેળે જન્મે. સ્વહસ્તે કરેલું પોતાનું વિસર્જન ફરીફરીને પોતાને જન્માવે છે. વિ-સર્જન કરે છે. પોતાની જ રાખમાંથી બેઠો થાય છે. એક વાતે મેં ગાંઠ વાળી રાખી છે : મારે કલાના વાસ્તવને અને ધરાતલના વાસ્તવને (તર) છોડવાનાં નથી. વાર્તા મારું પ્રથમ ને અંતિમ લક્ષ્ય હોય છે.

વાર્તા હું કઈ રીતે ને કેમ લખું છું એનો સંકેત મારી ગઝલનો એક શેર આમ આપે છે :

*ચીંથરાં ઉડાડતાં સૌ તેં કહેલી વાતનાં –*
*કિન્તુ મેં એકેય ટુકડો લઈ કથાઓ ગોઠવી*

*૩૧ માર્ચ ૨૦૧૯ રવિ*
*('ચૂંટેલી વાર્તાઓ'માંથી)*

**સઈ દસ્તક પોતે**